12,676 વિદ્યાર્થીઓને એન્જિનિયરિંગમાં પ્રવેશ ફાળવાયો

ડિપ્લોમાથી ડિગ્રી એન્જિનિયરિંગ-ફાર્મસી પ્રવેશના પ્રથમ રાઉન્ડનું એલોટમેન્ટ જાહેર

અમદાવાદ : ડિપ્લોમાથી ડિગ્રી એન્જિનિયરિંગ અને ફાર્મસી અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ 2026-27 માટેની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત પ્રવેશ સમિતિએ આજરોજ પ્રથમ રાઉન્ડનું એલોટમેન્ટ જાહેર કર્યું છે. પ્રથમ રાઉન્ડમાં એન્જિનિયરિંગમાં 12,476 અને ફાર્મસીમાં 200 સહિત કુલ 12,676 વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે.

પ્રવેશ સમિતિના જણાવ્યા પ્રમાણે રાજ્યની વિવિધ 30 યુનિવર્સિટીઓમાંથી ડિપ્લોમા પૂર્ણ કરનારા કુલ 14,962 વિદ્યાર્થીઓનો મેરિટ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. DDCET-2026 લાયકાત પરીક્ષા કુલ 21,213 વિદ્યાર્થીઓએ આપી હતી, જેમાં 20,891 એન્જિનિયરિંગ અને 322 ફાર્મસીના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ત્યારબાદ કુલ 15,071 ઉમેદવારોએ ફી ભરીને રજિસ્ટ્રેશન કન્ફર્મ કરાવ્યું હતું, જેમાં 14,834 એન્જિનિયરિંગ અને 237 ફાર્મસીના વિદ્યાર્થીઓ હતા.

પ્રથમ રાઉન્ડની ચોઇસ ફિલિંગ પ્રક્રિયા 6 જુલાઈએ પૂર્ણ થયા બાદ હવે બેઠકોની ફાળવણી જાહેર કરવામાં આવી છે.

એન્જિનિયરિંગ અભ્યાસક્રમમાં 10 ટકા ડિપ્લોમા ક્વોટાની 7,905 બેઠકો ઉપરાંત અગાઉના વર્ષોની 40,784 ખાલી બેઠકો મળીને કુલ 49,022 બેઠકો ઉપલબ્ધ હતી. જેમાં પ્રથમ રાઉન્ડમાં 12,476 વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે.

ફાર્મસી અભ્યાસક્રમમાં 10 ટકા ક્વોટાની 997 બેઠકો અને અગાઉના વર્ષની 2,025 ખાલી બેઠકો સહિત કુલ 3,128 બેઠકો ઉપલબ્ધ હતી. તેમાંથી પ્રથમ રાઉન્ડમાં 200 વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે.

પ્રવેશ સમિતિના સુત્રોએ જણાવ્યું હતુ કે પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ 8 જુલાઈથી 13 જુલાઈ, 2026 દરમિયાન ઓનલાઈન ટ્યુશન ફી ભરીને પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી શકશે. પ્રવેશ પ્રક્રિયા DDCET-2026ના સ્કોરના આધારે તૈયાર કરાયેલી મેરિટ મુજબ હાથ ધરવામાં આવી રહી છે. AICTEના નિયમો અનુસાર ડિપ્લોમામાં સામાન્ય વર્ગના ઉમેદવાર માટે ઓછામાં ઓછા 45 ટકા અને અનામત વર્ગના ઉમેદવાર માટે 40 ટકા ગુણ સાથે ડિપ્લોમા પાસ કરવો ફરજિયાત છે. જો કોઈ ઉમેદવાર 30 જુલાઈ, 2026 સુધી આ લાયકાત પૂર્ણ નહીં કરે તો તેને ફાળવાયેલો પ્રવેશ રદ કરવામાં આવશે અને તેણે ભરેલી ટોકન ટ્યુશન ફી પરત કરવામાં આવશે.

MBA-MCAની મેરિટ યાદીમાં 4,650 વિદ્યાર્થીનો સમાવેશ

અમદાવાદ : શૈક્ષણિક વર્ષ 2026-27 માટે એમબીએ (MBA) અને એમસીએ (MCA) અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત પ્રવેશ સમિતિ દ્વારા પ્રોવિઝનલ મેરિટ યાદી જાહેર કરી છે. આ જાહેર કરાયેલી યાદીમાં કુલ 4,650 ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે ઉમેદવારો માટે મોક રાઉન્ડની ચોઇસ ફિલિંગ પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી છે. પ્રવેશ સમિતિના જણાવ્યા પ્રમાણે મેરિટ યાદીમાં ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓના ઉમેદવારોમાંથી એમબીએ માટે 2,634 અને એમસીએ માટે 1,749 ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અન્ય રાજ્યોના 98 ઉમેદવારોને પણ મેરિટમાં સ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે 172 ઉમેદવારો એવા છે, જેમનો એમબીએ અને એમસીએ બંને અભ્યાસક્રમ માટે મેરિટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ વર્ષે પ્રવેશ પ્રક્રિયા માટે કુલ 4,857 ઉમેદવારોએ ફી ભરીને રજિસ્ટ્રેશન કન્ફર્મ કરાવ્યું હતું.

સિંધુ જળસંધિ સ્થગિત થવાને કારણે, પાકિસ્તાનમાં પાણીનું ભયંકર સંકટ પેદા થશે



પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના નેતા બિલાવલ ભુટ્ટો ઝરદારીએ કહ્યું છે કે સિંધુ જળસંધિનું રક્ષણ કરવામાં આવશે અને ભારતને તેનો જવાબ આપવામાં આવશે. પાકિસ્તાન સિંધુ જળસંધિ પર કોઈ પણ સમાધાન કરવા તૈયાર નથી અને જો જરૂર પડે તો યુદ્ધ લડવા માટે પણ તૈયાર છે. પાકિસ્તાની સેનાએ પોતાના કડક નિવેદનમાં કહ્યું છે કે તે સિંધુ જળસંધિ હેઠળ પાકિસ્તાનને મળેલા પાણીના અધિકારોના રક્ષણ માટે તમામ જરૂરી પગલાં લેશે. જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, ભારતે પાકિસ્તાન સાથેની સિંધુ જળસંધિ સ્થગિત કરી દીધી હતી. આનો અર્થ એ થયો કે ભારત પાકિસ્તાન સાથે કોઈ માહિતી શેર કરશે નહીં કે સંધિ સંબંધિત કોઈ પણ બેઠકોમાં ભાગ લેશે નહીં. ગયા વર્ષે ૨૩ એપ્રિલે નવી દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી સુરક્ષા પરની કેબિનેટ સમિતિ (CCS) ની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ભારતીય વિદેશ મંત્રાલયે ૩ જુલાઈના રોજ કહ્યું હતું કે જ્યાં સુધી પાકિસ્તાન સરહદ પારના આતંકવાદને સમર્થન આપવાનું બંધ ન કરે ત્યાં સુધી સિંધુ જળસંધિ સ્થગિત રહેશે.

પહેલગામ હુમલાના એક દિવસ પછી, ભારતે ૨૩ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ સિંધુ જળસંધિ સ્થગિત કરી દીધી હતી અને ૩૦ જુલાઈ, ૨૦૨૫ ના રોજ ૧,૮૫૬ મેગાવોટના સાવલકોટ જળવિદ્યુત પ્રોજેક્ટના નિર્માણ માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. બે તબક્કામાં પૂર્ણ થનારા આ પ્રોજેક્ટનો ખર્ચ ૨૨,૭૦૫ કરોડ રૂપિયા થવાનો અંદાજ છે. આનો અર્થ એ થયો કે ભારતે હવે ઔપચારિક રીતે સિંધુનાં પાણીનો ઉપયોગ પોતાની વિવેકબુદ્ધિથી કરવા માટે પગલાં લીધાં છે. ભારત આગામી દિવસોમાં સિંધુની પશ્ચિમી નદીઓ પર અન્ય ઘણા જળવિદ્યુત પ્રોજેક્ટો પર કામ ઝડપી બનાવવા માટે પણ તૈયાર છે. આમાં રાતલે, કિરુ, ક્વાર અને પાકલ દુલ પ્રોજેક્ટોનો સમાવેશ થાય છે, જે બધા ચેનાબ અથવા તેની ઉપનદીઓ પર બાંધવામાં આવનાર છે. સાવલકોટ પ્રોજેક્ટ જમ્મુ અને કાશ્મીરનો સૌથી મોટો જળવિદ્યુત પ્રોજેક્ટ હશે, જેની ક્ષમતા બગલીહાર કરતાં વધુ હશે. સાવલકોટ પ્રોજેક્ટ આ ક્ષેત્રમાં બદલાતી ભૂરાજનીતિનો પાયો પણ નાખશે, જેને કારણે પેદા થનારી પાણીની અછત અને પીડાનો પાકિસ્તાન તેના બાકીના જીવનભર અનુભવશે.

ટુ ધ પોઈન્ટ ■ સંજય વોરા ■

૧૯૬૦માં વિશ્વ બેંકની મધ્યસ્થી હેઠળ હસ્તાક્ષર કરાયેલ સિંધુ જળસંધિ ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ નદી પ્રણાલીમાંથી પાણીની વહેંચણીને નિયંત્રિત કરે છે. તેના હેઠળ ભારત મુખ્યત્વે પૂર્વમાં વહેતી રાવી, બિયાસ અને સતલજ નદીઓનો ઉપયોગ કરે છે, જ્યારે પાકિસ્તાન પશ્ચિમમાં વહેતી સિંધુ, ઝેલમ અને ચિનાબ નદીઓમાંથી મોટા ભાગનું પાણી મેળવે છે. દાયકાઓ સુધી આ સંધિ બંને દેશો વચ્ચેના સૌથી સફળ કરારોમાંની એક માનવામાં આવતી હતી, જે યુદ્ધો અને રાજદ્વારી તણાવમાંથી બચી ગઈ હતી. જો કે, ૨૦૨૫ના પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારતે આ હુમલા માટે પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદને દોષી ઠેરવ્યો અને સંધિને સ્થગિત કરી દીધી હતી. પાકિસ્તાનનો આરોપ છે કે ભારત ચેનાબ નદી પરના બે પ્રોજેક્ટો દ્વારા પશ્ચિમી નદીઓમાં પાણીના પ્રવાહ અને તેના ઉપયોગની સ્થાપિત પેટર્નમાં ફેરફાર કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. પાકિસ્તાને એવો દાવો કર્યો છે કે સિંધુ નદીની શાખાઓ ઉપરના ૧૭ ભારતીય પ્રોજેક્ટો ભારતને જળ સંસાધનો પર વધુ નિયંત્રણ આપી શકે છે અને પાકિસ્તાનને તરસે મારી શકે છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેની સિંધુ નદી પ્રણાલીમાં છ મુખ્ય નદીઓનો સમાવેશ થાય છેઃ સિંધુ, ચિનાબ, જેલમ, રાવી, બિયાસ અને સતલજ. આ નદીઓના પાણીનો ઉપયોગ બંને પડોશી દેશોમાં પીવાના પાણી, ખેતી અને વીજળી ઉત્પાદન માટે થાય છે. સરહદની બંને બાજુ કરોડો લોકોનું જીવન આ પાણી પર નિર્ભર છે. વાસ્તવિકતા એ છે કે દાયકાઓથી આ નદીઓનાં પાણીની વહેંચણીમાં અસમાનતા રહી છે અને પાકિસ્તાન આ અનુચિત લાભનો ઉપયોગ કરી રહ્યું છે. ૧૯૪૭માં જ્યારે ભારત અને પાકિસ્તાનનું વિભાજન થયું ત્યારે સિંધુ નદી પ્રણાલી પણ વિભાજીત થઈ ગઈ હતી. આ નદીઓની ભૌગોલિક સ્થિતિને કારણે તેમનું પાણી ભારતમાં થઈને પાકિસ્તાનમાં વહે છે. પાકિસ્તાનની ખેતીનો મોટો ભાગ આ નદીઓના પ્રવાહ પર આધારિત છે. ભારતને આ પાણીની પોતાની જરૂરિયાતો માટે અને પંજાબ અને રાજસ્થાન જેવાં રાજ્યોમાં વિકાસ પ્રોજેક્ટો માટે જરૂર છે. તેમ છતાં ભારતે તેના પાડોશી સાથે સારા સંબંધો જાળવવા માટે પોતાની જરૂરિયાતોનું બલિદાન આપ્યું અને ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૦ ના રોજ વિશ્વ બેંક દ્વારા મધ્યસ્થી કરાયેલા એક ખૂબ જ ઉદાર કરાર પર હસ્તાક્ષર કર્યા. આ દરખાસ્તમાં ભારતના હિતોને નુકસાન પહોંચાડતી ઘણી શરતો હતી, પરંતુ ભારત સરકારે સદ્ભાવનાની ભાવનાથી તેને તરત જ સ્વીકારી લીધી. જોકે, પાકિસ્તાને તેને ઔપચારિક રીતે મંજૂરી આપવામાં લગભગ પાંચ વર્ષનો સમય લીધો. ભારતના ઉદાર વલણ છતાં તેના પર અનેક પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા, જ્યારે પાકિસ્તાને કોઈ પણ પ્રતિબંધ વિના નવી રીતે પશ્ચિમી નદીઓના પાણીનો ઉપયોગ કરવાનું ચાલુ રાખ્યું હતું.

પાકિસ્તાનને સિંધુ જળ પ્રણાલીના લગભગ ૮૦ ટકા પાણી પર અધિકાર મળ્યો, જ્યારે ભારતને તેના તમામ દાવા છોડી દેવા છતાં માત્ર ૨૦ ટકા જેટલું જ પાણી મળ્યું. વિશાળ પશ્ચિમી નદી પ્રણાલી પરના તેના તમામ દાવાઓ છોડી દેવાના બદલામાં ભારતને ફક્ત તેટલું જ પાણી આપવામાં આવ્યું જેટલું તે પહેલાંથી જ વાપરી રહ્યું હતું. આ સંધિની સૌથી અસામાન્ય શરત તેની નાણાંકીય જોગવાઈઓ હતી. ભારતે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં પાણીનાં માળખાંના વિકાસ માટે આશરે ૬.૨ કરોડ પાઉન્ડનું વળતર ચૂકવવા સંમતિ આપી હતી. આ દુનિયામાં એક અનોખું ઉદાહરણ છે, જ્યાં ઉપલા નદી કિનારાના દેશ ભારતને તેના પાણીના અધિકારો છોડી દેવાની ફરજ પાડવામાં આવી હતી અને તેને નીચલા નદી કિનારાના દેશ પાકિસ્તાનને વળતર ચૂકવવાની ફરજ પડી હતી. આમ ભારતે આ સંધિ સ્વીકારી હતી, જે પાકિસ્તાનની તરફેણમાં હતી. આંતરરાષ્ટ્રીય વિશ્લેષકો માને છે કે ભારતે પહેલીવાર પાણીને વ્યૂહાત્મક અને શરતી મુદ્દો બનાવ્યો છે. ગ્રીક વિશ્લેષક દિમિત્રા સ્ટેઇકોઉએ જણાવ્યું હતું કે પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારતે સ્પષ્ટ કરી દીધું હતું કે લોહી અને પાણી એક સાથે વહી શકતાં નથી. ભારતે તેના પ્રદેશમાં ચિનાબ નદી પર કેટલાક બંધો બાંધી રહ્યું છે, જેને કારણે પાકિસ્તાનમાં પાણીનું સંકટ પેદા થયું છે.

ભારત સિંધુ ખીણમાં સાવલકોટ, રાતલે, બુર્સર, પાકલ દુલ, ક્વાર, કિરુ અને કીર્થાઈ I અને II જેવા અનેક જળવિદ્યુત પ્રોજેક્ટો પર કામ કરી રહ્યું છે. જ્યારે આ બંધો તૈયાર થઈ જશે ત્યારે પાકિસ્તાનમાં વહેતાં પાણીનો પ્રવાહ પાતળો પડી જશે. એ નોંધવું જોઈએ કે પાકિસ્તાનની લગભગ ૮૦-૯૦ ટકા ખેતી સિંધુ નદીનાં પાણી પર આધારિત છે. તેની પાણી સંગ્રહ ક્ષમતા ભાગ્યે જ એક મહિનાના પાણીના પ્રવાહને સંભાળી શકે છે. તેના મુખ્ય જળાશયો તરબેલા અને મંગલા ડેડ સ્ટોરેજની નજીક છે. ભારતનાં આ પગલાંથી ઇસ્લામાબાદ ચિડાઈ ગયું છે. છેલ્લાં એક વર્ષમાં પાકિસ્તાને રાજદૂતોને બોલાવ્યા છે, વિશ્વભરમાં પ્રતિનિધિમંડળો મોકલ્યાં છે, સંયુક્ત રાષ્ટ્રને પત્રો લખ્યા છે, અસંખ્ય કાનૂની કાર્યવાહી શરૂ કરી છે અને આંતરરાષ્ટ્રીય પરિષદોનું આયોજન કર્યું છે. હાથમાં વાટકો લઈને દુનિયાભરમાં ફરતું પાકિસ્તાન છેલ્લાં એક વર્ષથી પાણીનાં દરેક ટીપાં માટે તડપી રહ્યું છે. તેનું કારણ ભારતનું પાકિસ્તાન સામે કડક વલણ અને પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સિંધુ જળ સંધિને સસ્પેન્ડ કરવાનું પગલું છે. ભારતના આ કડક પગલાંએ પાકિસ્તાનને હચમચાવી નાખ્યું છે અને તે દરરોજ નવી ધમકીઓ આપી રહ્યું છે. પાકિસ્તાનના જળવાયુ પરિવર્તન મંત્રી મુસાદિક મલિકે હવે આ મામલે નવી ધમકી આપી છે કે જે કોઈ પણ પાકિસ્તાનના ભાગના પાણીને સ્પર્શ કરશે તેના હાથ કાપી નાખવામાં આવશે. ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે તાજેતરમાં સ્પષ્ટ કર્યું હતું કે ભારત આ મુદ્દા પર પીછેહઠ કરશે નહીં. પહલગામ આતંકવાદી હુમલા પછી સિંધુ જળ સંધિને સ્થગિત કરીને અમે સ્પષ્ટ કરી દીધું છે કે જેમનાં આંસુ સુકાઈ ગયા છે તેઓએ અમારી પાસેથી પાણીની અપેક્ષા રાખવી જોઈએ નહીં. અમે સિંધુ નદીનું પાણી આતંકવાદીઓના નેતાઓ અને માનવતાના દુશ્મનો સુધી પહોંચવા દઈશું નહીં.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

પાકિસ્તાને એવો દાવો કર્યો છે કે સિંધુ નદીની શાખાઓ ઉપરના ૧૭ ભારતીય પ્રોજેક્ટો, ભારતને જળ સંસાધનો પર વધુ નિયંત્રણ આપી શકે છે અને પાકિસ્તાનને તરસે મારી શકે છે

સુરતમાં પાણીના ભરાવા માટે સરકાર જવાબદાર : કોંગ્રેસ

અમદાવાદ : કેન્દ્ર સરકાર ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ (MSP) અંગે મોટા વચનો આપે છે, પરંતુ સ્વામીનાથન પંચની ભલામણોનો અમલ કરવામાં નિષ્ફળ રહી છે. ડૉ. એમ.એસ. સ્વામીનાથનને 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા હોવા છતાં તેમની ભલામણો માત્ર કાગળ પર જ રહી ગઈ છે. રાષ્ટ્રીય કોંગ્રેસના મહામંત્રી અને ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિકે કેન્દ્ર સરકાર સમક્ષ સ્વામીનાથન પંચની ભલામણોને કાનૂની ગેરંટી સાથે અમલમાં મૂકવાની અને ખેડૂતોને તેમના પાકના યોગ્ય ભાવની ખાતરી આપવાની માંગ કરી છે, પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતુ કે પ્રથમ વરસાદમાં જ સરકારના વિકાસ, પ્રી-મોન્સૂન કામગીરી અને ભ્રષ્ટાચારમુક્ત શાસનના દાવાઓની પોલ ખુલી ગઈ છે. રાજ્યભરમાં રસ્તાઓ ધોવાઈ ગયા, અનેક સ્થળોએ ભુવા પડ્યા, પુલોને નુકસાન થયું અને શહેરોમાં પાણી ભરાવાના કારણે જનજીવન પ્રભાવિત બન્યું છે. સુરતમાં છેલ્લા બે દિવસના ભારે વરસાદથી શહેરમાં જનજીવન ખોરવાઈ ગયું છે. અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે, વેપારીઓને ભારે નુકસાન થયું છે અને હજારો વાહનોને નુકસાન પહોંચ્યું છે.

લાખો ખાતેદારો હાલાકીનો સામનો કરી રહ્યા છે

બે મહિનાથી પોસ્ટ ઓફિસોમાં પાસબુક અને એફડી બુક નથી

ગ્રાહકોને માત્ર પૈસા જમા કર્યાની સ્લીપ પર રબર સ્ટેમ્પ મારીને પુરાવા તરીકે આપવામાં આવે છે

અમદાવાદ : રાજ્યની પોસ્ટ ઓફિસોમાં છેલ્લા બે મહિનાથી પાસબુક, એફડી બુક અને અન્ય જરૂરી સ્ટેશનરી ઉપલબ્ધ ન હોવાના કારણે લાખો ખાતેદારો, ખાસ કરીને સિનિયર સિટીઝન અને મધ્યમ વર્ગના રોકાણકારો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. ગુજરાતમાં અંદાજે 9 હજાર જેટલી પોસ્ટ ઓફિસો કાર્યરત છે, જેમાંથી મોટાભાગની ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી છે અને અંદાજે 2થી 2.5 કરોડ બચત ખાતાઓનું સંચાલન થાય છે. તેમ છતાં છેલ્લા બે મહિનાથી પાસબુક, એફડી બુક અને અન્ય જરૂરી સ્ટેશનરીનો અભાવ હોવાને કારણે ખાતેદારોને તેમના રોકાણનો સત્તાવાર પુરાવો મળતો નથી, તેવું પ્રદેશ કોગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલે કહ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે સામાન્ય બચત ખાતા, રિકરિંગ ડિપોઝિટ, ટર્મ ડિપોઝિટ, સિનિયર સિટીઝન સેવિંગ સ્કીમ, માસિક આવક યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, મહિલા સન્માન બચત પત્ર, પબ્લિક પ્રોવિડન્ટ ફંડ, કિસાન વિકાસ પત્ર, નેશનલ સેવિંગ સર્ટિફિકેટ તેમજ પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ સહિતની યોજનાઓમાં પણ પાસબુક અને સંબંધિત દસ્તાવેજોની અછત સર્જાઈ છે. નવા ખાતા અથવા નવી એફડી ખોલાવનાર ગ્રાહકોને કોઈ સત્તાવાર પાસબુક કે પ્રમાણપત્ર આપવામાં આવતું નથી. તેમજ જૂની પાસબુક ભરાઈ જતાં નવી પાસબુક પણ ઉપલબ્ધ કરાવવામાં આવતી નથી. પરિણામે ગ્રાહકોને માત્ર પૈસા જમા કર્યાની સ્લીપ પર રબર સ્ટેમ્પ મારીને પુરાવા તરીકે આપવામાં આવે છે, જે લાંબા ગાળે વિશ્વસનીય પુરાવો બની શકે નહીં.

હેમાંગ રાવવલે વધુમાં આક્ષેપ કર્યો હતુ કે જો કોઈ ખાતેદારની પાસબુક ખોવાઈ જાય અથવા ખરાબ થઈ જાય તો ડુપ્લિકેટ પાસબુક મેળવવા માટે એફિડેવિટ અને પોલીસ ફરિયાદ જેવી લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે, પરંતુ ત્યારબાદ પણ પોસ્ટ ઓફિસોમાં સ્ટેશનરી ઉપલબ્ધ ન હોવાનું કહેવામાં આવે છે. આ સ્થિતિને તેમણે સરકારની વહીવટી નિષ્ફળતા ગણાવી હતી. પોસ્ટ ઓફિસમાં પોતાની બચત સુરક્ષિત માનીને રોકાણ કરનારા સિનિયર સિટીઝન અને મધ્યમ વર્ગના લોકોના નાણાંની સુરક્ષાની જવાબદારી કોણ લેશે? તેમણે સરકાર અને ટપાલ વિભાગને તાત્કાલિક યુદ્ધના ધોરણે પાસબુક અને એફડી બુક સહિતની જરૂરી સ્ટેશનરી ઉપલબ્ધ કરાવવા માંગ કરી હતી. સાથે જ ચેતવણી આપી હતી કે જો આ સમસ્યાનો ત્વરિત ઉકેલ નહીં લાવવામાં આવે તો જનતાને પડનારી હાલાકી અને કોઈપણ પ્રકારની અનિયમિતતા માટે સરકાર જવાબદાર રહેશે.

BUSINESS મિત્ર

ટ્રમ્પના એક નિર્ણાયક નિવેદનથી વૈશ્વિક બજારો ધ્રુજ્યા; સેન્સેક્સના તમામ 30 શેરો લાલ નિશાનમાં

ટ્રમ્પે યુદ્ધ વિરામનો અંત લાવતા સેન્સેક્સ 1700 પોઇન્ટ તૂટયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 8

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધ વિરામનો અંત લાવવાની જાહેરાત કરતાની સાથે જ વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેરબજારમાં કોહરામ મચી જવા પામ્યો છે. જેમાં સેન્સેક્સ 1700 પોઇન્ટ તૂટયો હતો, જ્યારે નિફ્ટી 24800 પોઇન્ટની નજીક પહોંચી ગઈ છે. સેન્સેક્સમાં સમાવિષ્ટ 30 શેરોમાંથી એક પણ શેર પોઝિટિવ નહતો, તમામ શેરો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. ચારેકોર વેચવાલીના પગલે શેરબજારમાં રોકાણકારોના રૂ. 8 લાખ કરોડથી વધુ ડુબી ગયા હતા.

સેકટર વાઇઝ જોઈએ તો તમામ સેકટરો લાલ નિશાનમાં રહ્યા હતા. સૌથી વધુ બેન્ક અને એફએમસીજી સેકટરમાં દબાણ રહ્યું હતું. પીએસયુ અને પ્રાઈવેટ બેન્કોમાં પણ અઢી ટકાનો ઘટાડો નોંધાયો હતો. આ અહેવાલના પગલે ક્રુડ ઓઈલમાં છ ટકાનો ઉછાળો આવતા ઓટો શેરોમાં પણ વેચવાલી રહી હતી. એવીએશન સેકટર ફરીથી આફતમાં જોવાયું હતું. એકંદરે રોકાણકારોને રૂ. 8 લાખ કરોડનું નુકશાન થયું હતું. બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 479 લાખ કરોડથી ઘટીને 471 લાખ કરોડ થઈ ગઈ છે.

બીએસઈ સેન્સેક્સ 1677.12 પોઇન્ટ એટલે કે 2.15 ટકા તૂટીને 76503.60 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77851 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76259 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 516.65 પોઇન્ટ એટલે કે 2.12 ટકા તૂટીને 23882.05 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24300 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23805 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1458.10 પોઇન્ટ એટલે કે 2.51 ટકા તૂટીને 56742.60 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે હોમ ફર્સ્ટ ફાઈમાં 38.68 ગણા, બાલકૃષ્ણ ઈન્ડ.માં 15.27 ગણા, ટીમકેન ઈન્ડિયામાં 6.34 ગણા, બિકાજી ફુડસમાં 4.73 ગણા અને લોઢા ડેવલપર્સમાં 4.6 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે કલ્યાણ જ્વેલર્સમાં 6.04 ગણા, ફીઝીકસવાલામાં 5.88 ગમા, અનંતરાજમાં 5.21 ગણા, બેયર ક્રોપસાયન્સીસમાં 4.28 ગણા અને બાલકૃષ્ણ ઈન્ડ.માં 3.93 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી હાવી રહી હતી. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 1.74 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 2 ટકા તૂટયા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી પડી ગઈ હતી. બીએસઇ ખાતે 1093 શેરો વધ્યા હતા, જ્યારે 3186 શેરો ઘટયા હતા અને 184 શેરોમાં કોઈ ફેરફાર થયો નહતો.

ટ્રમ્પની ઈરાન સાથેના યુદ્ધ વિરામને પુર્ણ કરી દેતાં ક્રુડના ભાવમાં 6 ટકાનો ઉછાળો આવ્યો હતો. બ્રેન્ટ ક્રુડ 78.79 ડોલર પ્રતિ બેરલ પહોંચી ગયો હતો.

નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 2.72 ટકા ઘટ્યો હતો. જે છેલ્લા પાંચ ટ્રેડિંગ સેશનમાં 6 ટકા જેટલો તૂટયો હતો. આજે બેન્ક ઓફ ઈન્ડિયા, યુનિયન બેન્ક, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, કેનેરા બેન્ક, બેન્ક ઓફ બરોડા, પંજાબ એન્ડ સિંધ બેન્ક, પીએનબી, સેન્ટ્રલ બેન્ક, એસબીઆઈ અને ઈન્ડિયન બેન્ક તૂટયા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર્સ 700 પોઇન્ટથી વધુ તુટતા આજે અમેરિકન બજારો પણ ગેપડાઉન ઓપનીંગ કરે તેવા સંકેત આપી રહ્યા છે. આ યુદ્ધ વિરામને પુર્ણ કરી દેવાના ટ્રમ્પના અહેવાલથી ક્રુડ ઓઈલના ભાવમાં ઝડપી ઉછાળો આવ્યો હતો, તેમજ વૈશ્વિક બજારોમાં પણ વેચવાલી હાવી રહી હતી. આજે એશિયન બજારો, યુરોપિયન બજારોમાં વેચવાલી હાવી રહી હતી. આ ઉપરાંત, રોકાણકારો ફેડરલ રિઝર્વની જુન મીટીંગની મીનીટસ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે.

રૂપિયો ફરીથી 52 પૈસા તૂટીને 95ને પાર

ફોરેક્સ બજાર

ડોલર	95.48 રૂ.
યુરો	108.59 રૂ.
પાઉન્ડ	127.41 રૂ.
યેન	0.5880 રૂ.

અમદાવાદ, તા. 8ઃ મિડલ ઈસ્ટમાં તણાવ વધતાં વૈશ્વિક બજારોમાં ભારે હલચલ મચી ગઈ છે. ઈરાન દ્વારા સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ત્રણ જહાજો પર હુમલો કરાયા બાદ અમેરિકાએ ઈરાન પર જવાબી સૈન્ય હુમલા કર્યા છે, જેના કારણે બુધવારે ભારતીય રૂપિયો અમેરિકી ડોલર સામે 52 પૈસા તૂટીને 95.48 ના રેકોર્ડ નીચલા સ્તરે બંધ થયો હતો. મંગળવારે રૂપિયો 94.96 પર બંધ રહ્યો હતો, જે બુધવારે સવારે નબળી શરૂઆત સાથે 95.15 પર ખૂલ્યો અને દિવસ દરમિયાન 95.61ની સપાટી સુધી ગગડી ગયો હતો. અમેરિકી સૈન્ય કાર્યવાહી અને ઈરાન દ્વારા બહેરીન તથા કુવૈત પર કરાયેલા વળતા હુમલાના કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો ભડકે બળી છે. બ્રેન્ટ ક્રૂડ 6.16 ટકા ઉછળીને 78.73 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. આ યુદ્ધની સ્થિતિ વચ્ચે સેફ-હેવન ગણાતો ડોલર મજબૂત થયો છે. બીજી તરફ, ભારતીય શેરબજારમાં જોવા મળેલી નબળાઈ અને વિદેશી રોકાણકારોની વેચવાલીએ રૂપિયા પર દબાણ બમણું કરી દીધું છે, જેના કારણે સ્થાનિક ચલણમાં આ મોટો કડાકો જોવા મળ્યો છે.

સેન્સેક્સ	-1677.12	76503.60
નિફ્ટી	-516.65	23882.05
બેન્ક નિફ્ટી	-1458.10	56742.60

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઓએનજીસી	1.15	247.00
બજાજ ઓટો	0.54	10164.00
હિન્દાલ્કો	0.22	971.65
કોલ ઇન્ડિયા	0.02	429.05

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
જિયો ફાઇ.	5.38	229.99
ઇન્ટરગ્લોબ	5.02	5124.00
શ્રીરામ ફાઇ.	4.91	1014.40
મારૂતિ સુઝુકી	4.04	13951.00
એચયુએલ	3.30	2135.80

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
લાર્સન ટુબ્રો	1.64	3600.35
તાતા મોટર્સ	1.26	987.10
મારૂતિ સુઝુકી	1.14	12848.15
મહિન્દ્રા-મહિન્દ્રા	0.93	2833.80
અલ્ટ્રાટેક સિમેન્ટ	0.92	10930.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ	5.02	5125.55
મારૂતિ સુઝુકી	4.11	13943.90
એચયુએલ	3.36	2135.85
બજાજ ફાઇ.	3.08	1010.10
કોટક બેન્ક	2.93	370.50

યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.		૭૫/૩૬ ''	૧૩૩.૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૮	૫૦/૩૬ ''	૧૪૪	૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
૩૦/૩૬ એફડી	૨૭૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૬	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૪૧
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૪	૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૦	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૪૨	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૬
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૦	૧૦૦ ટેક્ષ	૧૩૯	૬૮ ક્રિમ્પ	૧૪૪
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૮	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૪૨
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૯	૮૦/૭૨ રોટો	૧૪૩	૭૫ ક્રિમ્પ	૧૪૧
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧	૮૦ ક્રિમ્પ	૧૩૯
૮૦/૭૨ રોટો.	૧૪૨	૧૬૦ ડીસ્કેટ	૧૫૧	૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૮૦/૩૬ રોટો.	૧૪૩	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૯	૮૦/૧૦૮ ''	૧૪૪	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૪૨.૫

તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૭૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૨૦
સીંગતેલ (૫ લી)	૯૨૦	સનફલાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૭૭૦	તલતેલ	૪૭૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૫૨૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૦૦		

જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૪૬૦૦
એમ-30	૪૫૫૦
એસ-30	૪૫૦૦
ગુજરાત	
એમ-30	૪૪૫૦
એસ-30	૪૩૫૦

સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૭૭૫૦
તેજાબી સોનું	૧૪૭૬૬૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૦૩૬૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૪૪૮૦૦
સોનાનાં બિસ્કીટ	૧૪૭૭૫૦૦
ચાંદી (૯૯૯)	૨૨૯૩૦૦
ચાંદી સિક્કા	૨૩૦૮૦૦

શેરબજારમાં કોહરામ વચ્ચે છ કંપનીના શેરો બાવન વીકની ઉંચાઈએ

ગુજરાતની ત્રણ સહિત છ કંપનીઓએ એક મહિનામાં 23 ટકા સુધીનું વળતર આપ્યું

મુંબઇ, તા. 8છ ભારતીય શેરબજારમાં ગેપડાઉન ઓપનીંગ બાદ ડોનાલ્ડ ટ્રમ્પના નાટો સંમેલનના નિવેદનથી ભૂકંપ આવ્યો હતો અને સેન્સેકસ 1700 પોઇન્ટ જેટલો તૂટયો હતો. આમ છતાં, ભારતીય શેરબજારમાં છ કંપનીના શેરોએ બાવન વીકની ઉંચાઈ બનાવી હતી. જેમાં નાયકા, લુપીન, અદાણી એનર્જી, ટોરેન્ટ ફાર્મા, સન ફાર્મા અને ઝાયડસ લાઈફ સાયન્સીસનો સમાવેશ થાય છે. આમ, આ છ કંપનીઓમાં ત્રણ ગુજરાતની કંપની છે. આ તમામ કંપનીઓએ છેલ્લા એક મહિનામાં 5 ટકાથી 23 ટકા સુધીનું વળતર આપ્યું છે. શેરના ભાવમાં ઉછાળો દર્શાવે છે કે આ કંપનીઓમાં રોકાણકારોનો વિશ્વાસ અતૂટ છે. આ છ કંપનીઓમાં નાયકાએ આજરોજ રૂ. 325.50ની નવી બાવન વીકની ઉંચાઈ બનાવી હતી. જેમાં છેલ્લા એક મહિનામાં 23 ટકાનો વધારો થયો છે. તેવી જ રીતે ટોરેન્ટ ફાર્માએ રૂ. 4948.95ની નવી બાવન વીકની ઉંચાઈ બાવી હતી. જે એક મહિનામાં 11 ટકા વધ્યો છે. લુપીનએ રૂ. 2526ની નવી બાવન વીકની ઉંચાઈ બનાવી છે. જે એક મહિનામાં 8 ટકા વધ્યો છે, અદાણી એનર્જી સોલ્યુશન્સ રૂ. 1711.70ની નવી ઉંચી સપાટી બનાવી હતી, જે એક મહિનામાં 8 ટકા વધ્યો છે. સન ફાર્માએ રૂ. 1929ની નવી ઉંચાઈ બનાવી હતી, જે એક મહિનામાં 6 ટકા અને ઝાયડસ લાઈફ સાયન્સીસ 5 ટકા વધ્યો છે અને તેને રૂ. 1181ની નવી ઉંચાઈ બનાવી હતી.

એક્સિસ બેન્કના 3 દિગ્ગજોના રાજીનામા!

HDFC બેન્કમાં પુનિત શર્માની એન્ટ્રી બાદ મોટો ફેરબદલ; બંધન બેન્કના CFOએ પણ પદ છોડ્યું

મુંબઇ, તા. 8ઃ એકસીસ બેન્કના ત્રણ સીનીયર અધિકારીઓએ રાજીનામાં આપી દીધા છે. જેઓએ દેશના ડેટ માર્કેટમાં સૌથી વધુ નાણા એકત્ર કરવામાં કંપનીઓને મદદ કરી હતી. જોકે, આ રાજીનામાં એવા સમયે પડ્યા છે કે જ્યારે એચડીએફસી બેન્કે એક્સીસ બેન્કના પુનિત શર્માને સીએફઓ બનાવ્યા છે.

ખાનગી ક્ષેત્રમાં દેશની ત્રીજી સૌથી મોટી બેન્કમાં પરિવર્તન એવા સમયે થયું છે કે, જ્યારે ખાનગી બેન્કોમાં મોટા પાયે ફેરબદલ થઈ રહ્યો છે. પુનિત શર્માની એચડીએફસી બેન્કમાં સીએફઓ તરીકે નિયુક્તિ બાદ બંધન બેન્કના સીએફઓ રાજીવ મંત્રીએ પણ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. બ્લુમબર્ગના અહેવાલ અનુસાર પ્રેસિડન્ટ અને ગ્રુપ હેડ અનિલ અગ્રવાલ, ડેટ કેપિટલ માર્કેટ ટીમનું નેતૃત્વ કરનાર વિકાસ શિંદે અને ગ્રુપ હેડ ટ્રેડિંગ જિમી તાવડિયાએ એકસીસ બેન્કમાંથી રાજીનામું આપી દીધું છે. ઉલ્લેખનીય છે કે, એકસીસ બેન્ક લગભગ બે દાયકાથી ભારતની ટોચની રૂપિયા બોન્ડ એરેન્જર છે અને આ વર્ષે અત્યાર સુધઈમાં રૂપાયની લોનના લીગ ટેબલમાં પણ ટોચ પર છે. આ ત્રણેય અધિકારીઓની લિંક્ડઇન પ્રોફાઈલ અનુસાર, અનિલ અગ્રવાલ બે દાયકાથી વધુ સમયથી એક્સિસ બેંકમાં છે. તેમણે સરકારી સંસ્થાઓ, જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને નાણાકીય સંસ્થાઓ સાથે વ્યૂહાત્મક સંબંધોનું સંચાલન કર્યું છે. વિકાસ શિંદે પણ લગભગ બે દાયકા સુધી બેંકમાં હતા અને મુખ્યત્વે ડેટ કેપિટલ માર્કેટ્સ ટીમમાં કામ કરતા હતા, જ્યારે જિમી તવડિયાની લિંક્ડઇન પ્રોફાઈલ અનુસાર, તેઓ વર્ષ 2019માં બેંકમાં જોડાયા હતા અને રેટ્સ અને ફોરેક્સ ટ્રેડિંગમાં નિપુણતા ધરાવે છે.

સોના-ચાંદી ઈટીએફમાં 3 ટકા સુધીનો ઘટાડો

મુંબઇ, તા. 8ઃ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, ઈરાન સાથેનો કામચલાઉ યુદ્ધ વિરામ સમાપ્ત થઈ ગયો છે, જે વિશ્વના સૌથી મહત્વપુર્ણ ઉર્જા ઉત્પાદક દેશોમાં સંઘર્ષના નવા રાઉન્ડની સંભાવના ઉભી થઇ છે. ફરી એકવાર હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ વધશે, જેના કારણે ક્રુડ ઓઈલના ભાવમાં ઝડપી ઉછાળો જોવાયો હતો. બ્રેન્ટ ક્રુડ ફ્યુચર્સ લંડનમાં 6 ટકાથી વધુ ઉછળ્યો હતો, જ્યારે ડબલ્યુટીઆઈ ક્રુડમાં પણ ઉછાળો જોવાયો હતો. નાટોના સંમેલનમાં ટ્રમ્પે નિવેદન આપ્યું હતું કે, તેઓ હવે ઈરાન સાથે વ્યવહાર કરવા માગતા નથી, તેઓ તેમનો સમય બગાડી રહ્યા છે. જેની સીધી અસર ક્રુડ પર જોવા મળી હતી. બીજી તરફ, કિંમતી ધાતુ સોના-ચાંદીમાં કડાકો બોલાયો હતો. ફરીથી તણાવ વધવાના કારણે શેરબજારની સાથે સાથે સોના-ચાંદીના ભાવો તૂટયા હતા. સોના-ચાંદી ઈટીએફ 3 ટકા સુધી ઘટયા હતા. ટ્રમ્પના નિવેદન બાદ નવેસરથી હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ શરૂ થઈ શકે છે.